# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૬ અંક : ૨૮૯ તા. ૦૭-૦૮-૨૦૨૦ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# આઈટી શેરોમાં સુંદર આકર્ષણ જોવાયું

ગયા અઠવાડિયા દરમ્યાન આઈટી શેરોમાં સુંદર આકર્ષણ જોવાયું હતું અને સાથે સાથે રિલાયન્સમાં એક પછી એક નવા રોકાણકારોની જાહેરાત આવી રહી હોવાથી અને તે પછી ગુરુવારે રિલાયન્સના સુંદર પરિણામો આવ્યા પછી બજારમાં સુધારો જોવાયો હતો.

આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકામાં એક નવા સ્ટીમ્યુલસ પેકેજની તૈયારી થઈ રહી છે. જ્યારે બીજી તરફ ફેડરલ રિઝર્વે તેની ગયા અઠવાડિયે મળેલી મીટીંગમાં વ્યાજદરમાં કોઈ જ ફેરફાર ન કરવાની જાહેરાત કરી છે અને આ જાહેરાતને કારણે સેન્ટીમેન્ટમાં મજબૂત સુધારો જોવાયો અને અમેરિકન બજારોમાં આઈટી શેરોની સાથે સાથે ઝડપી ઉછાળો જોવા મળ્યો છે. વિશ્વની ટોચની ફોન કંપની એપલ દ્વારા તેના એક શેરનું ચાર શેરમાં વિભાજન કરાયું અને તે પાછળ એપલ અને ત્રણ આઈટી કંપનીઓના શેરોમાં તોતીંગ ઉછાળો જોવા મળતા નાસ્ડેક અને ડાઉજોન્સમાં ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો.

સામે પક્ષે ચીનની ફેક્ટરી ઈક્વીટીમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે અને વિશ્વના અન્ય દેશો અત્યારે કોરોના વાયરસનો સામનો કરી રહ્યા છે અને આ વાયરસને કારણે તેમના અર્થતંત્રને ગંભીર ફટકો પડ્યો છે ત્યારે આ વાયરસનો જન્મ જ્યાંથી થયો હતો તે ચીનમાં કેસ એકદમ ઓછા છે અને સાથે સાથે તેમનું અર્થતંત્ર પણ ઝડપથી સુધરતું જાય છે.

જુલાઈ મહિના દરમ્યાન ચીનના ફેક્ટરી ઉત્પાદનમાં નોંધપાત્ર સુધારો જોવાયો અને ચીનનો સત્તાવાર મેન્યુફેક્ચરીંગ પર્ચેજીંગ મેનેજીંગ ઈન્ડેક્ષ ૫૦.૯૦થી વધીને ૫૧.૧૦ ઉપર આવી ગયો છે. અર્થશાસ્ત્રીઓને અપેક્ષા હતી કે ચીનમાં મેન્યુફેક્ચરીંગ પીએમઆઈ ૫૦.૭ના લેવલે આવશે. આમ સતત પાંચમા મહિના દરમ્યાન ચીનમાં ફેક્ટરી ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ છે અને તે પણ અતિશય ઊંચા દર સાથે. પૂર અને કોરોના વાયરસના કેસ છતાં અને અર્થશાસ્ત્રીઓની અપેક્ષા કરતા પણ ચીને વધારે ઊંચો વૃદ્ધિદર દર્શાવ્યો છે પરંતુ તેના નવા નિકાસ ઓર્ડરો ધીમા દરે ઘટી રહ્યા છે અને તે દર્શાવે છે કે અન્ય રાષ્ટ્રોની એટલે કે બાહ્ય માંગ નબળી છે. અને ચીનની કંપનીઓ દ્વારા કર્મચારીઓ છૂટા કરવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે. અત્યારનો ટ્રેન્ડ જોતા ચીનનું અર્થતંત્ર સને ૨૦૨૦માં ૨.૨ ટકાનો વૃદ્ધિદર દર્શાવશે તેવી ગણતરી છે. અગાઉ એપ્રિલ મહિનામાં ચીને ૧.૮ ટકાનો વૃદ્ધિદર હાંસલ થશે તેવો સંકેત આપ્યો હતો. ચીનની ટોચની ઔદ્યોગિક કંપનીઓના નફામાં પણ આગલા વર્ષની સરખામણીમાં ઝડપી ઉછાળો જોવાયો છે અને તેમના ખર્ચા ઉપરના અંકુશો અને માંગમાં સુધારાનો ફાયદો જોવા મળે છે.

વિશ્વના મહત્ત્વના અર્થતંત્ર ચીનમાં આ પ્રકારનો સુધારો જોવા મળતા તેની અસર હેઠળ ભારતમાં ચીન અને મેટલ કંપનીઓ કિંમતો વધારી શકી છે અને તેમના શેરના ભાવમાં પણ સુધારો જોવાયો છે.

સામે પક્ષે અમેરિકન પ્રમુખ દ્વારા નવેમ્બર મહિનામાં આવનારી ચૂંટણીઓ પાછી ઠેલવા વિચારણા શરૂ થઈ છે. અને આ ટ્રેન્ડને કારણે ગુરુવારના માર્કેટમાં થોડુંક દબાણ જોવા મળ્યું હતું. અમેરિકામાં આઈટી કંપનીઓની સાથે સાથે એમેઝોનના વેચાણોમાં પણ નોંધપાત્ર સુધારો જોવાયો છે અને કોરોના વાયરસના ઉપદ્રવ વચ્ચે એમેઝોનના વેચાણોમાં ૧૧ ટકાનો ઉછાળો જોવાયો અને તે પાછળ શેરનો ભાવ ગયા ગુરુવારે એકદમ ૫.૩ ટકા વધી ગયો હતો. તેમ છતાં અમેરિકામાં જીડીપીમાં થોડોક ઘટાડો જોવાયો છે. અને બીજા ક્વાર્ટર દરમ્યાન અમેરિકાના જીડીપીમાં ૩૨.૯ ટકાનો સજ્જડ ઘટાડો જોવાયો. સને ૧૯૧૮ની ઘેરી મંદી પછી સને ૧૯૨૧માં અમેરિકન અર્થતંત્રમાં વિક્રમી ઘટાડો જોવાયો હતો. અને સને ૧૯૨૧ના તીવ્ર ઘટાડાને પણ કૂદાવીને સને ૨૦૨૦ના બીજા ક્વાર્ટરમાં

## અમેરિકામાં એક નવા સ્ટીમ્યુલસ પેકેજની તૈયારી થઈ રહી છે

અમેરિકન અર્થતંત્રમાં ૩૨.૯ ટકાનો ઘટાડો જોવાયો છે. અને આ પાસા વચ્ચે પણ અમેરિકન અર્થતંત્ર સુધરી રહ્યું છે અને મુખ્યત્વે ટોચની ચાર આઈટી કંપનીઓને કારણે ઊંચકાઈ રહ્યું છે તે એક પાસું થોડુંક નકારાત્મક કહી શકાય અને આગામી દિવસોમાં અચાનક જ કોઈ કારણ આવે અને મોટું કરેકશન આવી જાય તો નવાઈ નહીં લાગે.

ભારતમાં અત્યારે સરકારની તિજોરીઓને ગંભીર અસર પડી છે અને મોટા ભાગના રીટેઈલ વેચાણો સદંતર ઠંડા હોવાથી કેન્દ્ર સરકારની અને રાજ્યોની જીએસટીની આવકોમાં નોંધપાત્ર ઘટાડો છે. નાનું ઉદાહરણ જોઈએ તો અત્યારે ટેક્ષટાઈલ કંપનીઓના વેચાણો નહિવત છે. અનેક ટોચની મિલોના ઉત્પાદન બંધ છે અને રીટેઈલરો દ્વારા આકર્ષક ડિસ્કાઉન્ટ ઓફર થતું હોવા છતાં ગ્રાહક ખરીદી કરવા બહાર નથી નીકળતો. અને તે પાસાની સીધી અસર જીએસટીની વસૂલાત ઉપર થાય તે સ્વાભાવિક છે. એફએમસીજી સિવાયના અન્ય સેક્ટરોમાં પરિસ્થિતિ નાજૂક છે અને આ ટ્રેન્ડને કારણે ગુજરાત સહિત વિવિધ રાજ્યોએ પોતાના અસંખ્ય પ્રોજેક્ટોમાં કાપ મૂકવાનું શરૂ કરી નાખ્યું છે. ગુજરાત સરકારની તિજોરી પણ અત્યારે તળિયાઝાટક છે અને આગામી સમયગાળામાં અનેક ખર્ચાઓમાં કાપ મૂકવામાં આવશે અને ભરતીઓ ઉપર અંકુશ આવશે તેવી જાહેરાત ગુજરાતના નાણામંત્રીએ તો કરી નાખી છે અને આ ટ્રેન્ડ અન્ય રાજ્યોમાં પણ વધારે તીવ્રથી જોઈ શકાશે. કારણ કે ગુજરાત અને મહારાષ્ટ્ર બે સમૃદ્ધ ઔદ્યોગિક રાજ્યો રહ્યા છે અને જો તેમની આવી પરિસ્થિતિ હોય તો અન્ય રાજ્યોની પરિસ્થિતિ ખરાબ હોય તે સ્વાભાવિક છે.

ચાણક્યના ગયા અંકમાં પણ તેજીને અનુસરવામાં એકદમ સાવચેત રહેવાની સલાહ આપી હતી અને અત્યારે નિફ્ટીના ૫૦ શેરમાંથી માંડ ૮ કે ૧૦ શેરો એવા છે કે જેમાં સ્પષ્ટ રીતે ભાવ ઊંચકાશે તેમ કહી શકાય. બાકીના ૪૦ શેરોમાં કટપીસ ચાલ અને નબળાઈનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. અને તેથી ગમે ત્યારે બજારમાં તીવ્ર કરેકશન આવી જાય તો નવાઈ નહીં લાગે. અને તેથી તેજીને અનુસરવામાં એકદમ સાવચેત રહેવું. રિલાયન્સ પણ તેના ટોપની નજીક ચાલી રહ્યો છે અને તેમાં કોઈ કારણસર કરેકશન આવે અને તેની અસર બજાર ઉપર ખરાબ પડે તો નવાઈ નહીં લાગે.

ઓટોમોબાઈલ સેક્ટરમાં **મારૂતિ** દ્વારા તેના ૧૭ વર્ષના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ત્રિમાસિક ધોરણે નુકસાન દર્શાવાયું અને સ્વાભાવિક છે કે લોકડાઉનને કારણે ડિલરશીપ બંધ હોય અને તેથી કંપનીના વેચાણો અને નફાશક્તિમાં તોતીંગ ઘટાડો જોવાય. મારૂતિના પ્રથમ ક્વાર્ટરના વેચાણ વોલ્યૂમમાં ૮૧ ટકાનો ઘટાડો થઈ ગયો છે અને મૂલ્યની દૃષ્ટિએ તેના વેચાણો ૮૦ ટકા તૂટી ગયા છે. કંપનીએ ઓપરેટીંગ લેવલ ઉપર રૂા. ૮૬૩ કરોડનું નુકસાન અને નેટ લેવલ ઉપર ડિફર્ડ કરવેરાની જમા જોગવાઈ ઉમેર્યા પછી રૂા. ૨૪૯ કરોડનું નુકસાન દર્શાવ્યું છે. વાસ્તવમાં તે નુકસાન વધારે મોટું હોઈ શકે. અને મારૂતિના આવા પરિણામ પછી સ્વાભાવિક છે કે તે શેર તરફનું આકર્ષણ ઘટી ગયું હોય પરંતુ ભારતીય શેરબજારમાં ફન્ડામેન્ટલ કરતા ઓપરેટરની રમત વધારે કામ કરતી હોય છે અને તે મુજબ મારૂતિનો શેર ખરાબ પરિણામ પછી હવે ધીમો સુધારો બતાવે છે. અત્યારના રૂા. ૬૨૬૨ ઉપરના આ શેરમાં આગામી દિવસોમાં ધીમા સુધારે રૂા. ૬૬૦૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

તેવી જ રીતે **બજાજ ઓટો**નો શેર પણ ધીમા મજબૂત ઉછાળા તરફ આગળ વધી રહ્યો છે. બજાજ ઓટોના વેચાણોમાં ઘટાડો છે અને ઔરંગાબાદ ખાતેની ફેક્ટરીમાં વાયરસના કેસ આવ્યા હોવાથી ઉત્પાદન ઠંડું છે. તેમ છતાં બજાજ ઓટોનો શેર અત્યારે મજબૂત અપટ્રેન્ડમાં દાખલ થયો છે અને આગામી દિવસોમાં ઓપરેટરો રૂા. ૩૦૪૯વાળા બજાજ ઓટોને ધીરે ધીરે ઉપર ખેંચી જાય તો નવાઈ નહીં લાગે.

તે જ પ્રકારનો ટ્રેન્ડ **હીરોમોટો કોર્પ**માં પણ દેખાય છે અને આ શેર અત્યારે રૂા. ૨૭૦૩ ઉપર ચાલે છે. શોર્ટટર્મમાં હીરોમોટોનો શેર રૂા.૨૯૦૦ સુધી પહોંચાડી દેવાય તો નવાઈ નહીં લાગે અને તેથી રોકાણ હોય તો જાળવી શકાય.

સામે પક્ષે **તાતા મોટર્સ**નો શેર




પણ ધીમા અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. જૂન મહિનાની શરૂઆતમાં આ શેર ફક્ત રૂા. ૮૦ ઉપર ચાલતો હતો અને તે પછી રૂા. ૧૧૯ સુધી પહોંચીને અત્યારે રૂા. ૧૦૩ ઉપર મળે છે. શોર્ટટર્મ થોડી નબળાઈ પછી આ શેર ધીમો સુધારો બતાવે તેવી ગણતરી છે અને તેથી તાતા મોટર્સ હોય તો લોંગટર્મ એન્ગલથી આ શેર જાળવી શકાય.

**ટીવીએસ મોટર્સ**ના શેરમાં અત્યારે ધીમા સુધારાનો ટ્રેન્ડ શરૂ થયો છે. મે આખરમાં આ શેરે રૂા. ૩૦૦નું લેવલ બતાવ્યું હતું અને તે પછી અત્યારે લગભગ ૩૩ ટકા વધીને રૂા. ૪૦૧ ઉપર આવી ગયો છે. ટીવીએસ મોટર્સના વેચાણોને પણ ગંભીર અસર પડી છે અને તેમ છતાં આગામી દિવસોમાં ધીરે ધીરે આ શેરને રૂા. ૪૨૨ અને તે પછી રૂા. ૪૪૨ સુધી ખેંચી જવાય તો નવાઈ નહીં લાગે એટલે આ ભાવે ટીવીએસ મોટર્સના શેર જાળવી શકાય.

શોર્ટટર્મ એન્ગલથી **અશોક લેલેન્ડ**ના શેરમાં હજી નબળાઈનો તબક્કો ચાલે છે. કારણ કે કોમર્શીયલ વાહનોના વેચાણો ખરાબ છએ. અશોક લેલેન્ડ રૂા. ૪૬થી વધીને રૂા. ૪૯ ઉપર તો આવ્યો પરંતુ મોટો ઉછાળો નથી બેસતો. ૧૨થી ૧૮ મહિનાના એન્ગલથી લઈને મૂકી દેવા હોય તો અલગ વાત છે. બાકી નજીકના થોડા દિવસોમાં રૂા. ૪૪-૫૦ વચ્ચે અથડાઈ જવાની ગણતરી છે.

મલ્ટીયુટીલીટી વાહનોનું ઉત્પાદન કરી રહેલી **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**માં અત્યારે મજબૂત અપટ્રેન્ડ જોવાય છે. મહિન્દ્રા ટ્રેક્ટર અને કૃષિ ઈક્વીપમેન્ટના ઉત્પાદનમાં ટોચના સ્થાન ઉપર છે અને સારા ચોમાસાને કારણે ટ્રેક્ટરના વેચાણો સુધરી રહ્યા છે. આ ઉપરાંત કંપનીએ ખર્ચા ઉપર કડક અંકુશો મૂક્યા હોવાથી તેનો ફાયદો પણ દેખાય. મહિન્દ્રાનો શેર અત્યારે રૂા. ૫૯૮ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં ધીરે ધીરે વધીને રૂા. ૬૪૦-૬૫૮ ઉપર ખેંચી જવાય તો પણ નવાઈ નહીં લાગે અને તેથી શેર હોય તો જાળવી રાખો. ટ્રેક્ટર અને અર્થમુવીંગ ઈક્વીપમેન્ટનું ઉત્પાદન કરતી **એસ્કોર્ટ**ના પ્રથમ ક્વાર્ટરના આંકડા પણ ખરાબ આવ્યા છે અને હજી પણ રીયલ એસ્ટેટ અને કન્સ્ટ્રક્શન સેક્ટર ભારે મંદીમાં છે તેમ છતાં મે મધ્યમાં રૂા. ૭૦૦ ઉપરનો એસ્કોર્ટનો શેર અત્યારે વધીને રૂા. ૧૧૩૦ ઉપર આવી ગયો. રોકાણ હોય તો જાળવી રાખવું અને આગામી દિવસોમાં વિવિધ કારણોસર કંપનીના વેચાણો અને નફાશક્તિ સુધરશે તે આશાવાદ છે. નજીકના દિવસોમાં જ રૂા. ૧૨૦૦નું લેવલ પસાર થઈ જાય તે સંભાવના મજબૂત છે અને તેથી રોકાણ જાળવી રાખવું.

રોયલ એનફિલ્ડ મોટરસાઈકલ બનાવતી **આયશર મોટર્સ**નો શેર પણ સુંદર તેજી બતાવી શક્યો. મે મધ્યમાં આ શેરે રૂા. ૧૨૪૫૦નું બોટમ બતાવેલું અને અત્યારે વધીને રૂા. ૨૧૨૦૧ ઉપર આવી ગયો છે એટલે કે લગભગ ૬૦ ટકા કરતા પણ વધારે રીટર્ન આ શેરે આપ્યું છે. આયશર મોટર્સમાં બાવન અઠવાડિયામાં રૂા. ૨૩૪૫૦નું ટોપ બનેલું અને આગામી અઠવાડિયાઓમાં આ શેરમાં રૂા. ૧૦૦૦ના સુંદર ઉછાળાની જગ્યા છે. પરંતુ આ વખતના ઉછાળે બાવન અઠવાડિયાનું ટોપ કૂદાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે અને તેથી રૂા. ૨૨૦૦૦-૨૨૨૦૦ આસપાસ પ્રોફિટ બુકીંગ કરી લેવાની તક ઝડપી શકાય.

એસએમએલ ઈઝુઝુ ટ્રકનું ઉત્પાદન કરતી **એસએમએલ ઇઝુઝુ**નો શેર રૂા. ૩૯૧ ઉપર છે અને આ શેરમાં હજી સુધી મર્યાદિત સુધારો જોવાયો છે. રૂા. ૩૨૦નું મે મહિનામાં બોટમ બતાવનાર શેર અત્યારે રૂા. ૩૯૧ ઉપર આવ્યો છે અને આ શેરમાં લાંબો કસ નથી. આ શેરે વેચીને તે પૈસા તાતા મોટર્સ અથવા તો મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં શિફ્ટ કરી શકાય અને તે રીતે વધારે ઝડપથી રિટર્ન છૂટશે તેવી ગણતરી છે.

કૃષિ ઈક્વીપમેન્ટનું ઉત્પાદન કરી રહેલી **વીએસટી ટીલર્સ** અત્યારે રૂા. ૧૩૬૭ ઉપર છે અને આ શેરે પણ છેલ્લા બે મહિનામાં સુંદર ઉછાળો બતાવ્યો. મે આખરમાં ફક્ત રૂા. ૮૦૦ સુધી નીચો ઉતરી ગયો હતો અને બાવન અઠવાડિયામાં તો તેણે રૂા. ૫૮૮નું તળિયું બતાવેલું. અત્યારે રૂા. ૧૩૬૭ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ધીમા સુધારાની જગ્યા છે. નવું રોકાણ ન કરાય કારણ કે આ શેરમાં લિક્વીડીટી ખૂબ નીચી છે પરંતુ જૂનું રોકાણ જાળવી શકાય.

રાજકોટની **અતુલ ઓટો**નો શેર અત્યારે રૂા. ૧૫૬ ઉપર છે. છકડાના વેચાણોને ગંભીર અસર પડી છે અને નવી ઈલેક્ટ્રિક રિક્ષાના વેચાણો પણ અનેક કારણોસર ઠંડા છે. શેર અત્યારે મંદીની પકડ હેઠળ છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૫૬થી ઘટીને રૂા.૧૪૬-૧૪૦ સુધી નીચો ઊતરી જાય તો પણ નવાઈ નહીં લાગે એટલે હાલપૂરતું આ શેરમાંથી દૂર જ રહેવું સલાહભરેલ.

ઓટો સેક્ટરની પાછળ પાછળ એન્જિન બનાવતી કંપનીઓના વેચાણો પણ અગાઉના વર્ષોની સરખામણીમાં ખૂબ નીચા છે પરંતુ આશાવાદ સુધર્યો હોવાથી આ શેર ઊંચકાયા છે. તાજેતરમાં રૂા. ૮૦૨નું બોટમ બતાવનાર **સ્વરાજ એન્જિન**નો શેર અત્યારે રૂા. ૧૩૭૭ ઉપર ચાલે છે. એકદમ ટૂંકાગાળામાં આ શેરમાં ઘટાડો


## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com



## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : cs@dynaind.com Website : www.dynaind.com

### ૩૧ મી વાર્ષિક સામાન્ય સભા અને શેર ટ્રાન્સફર બુક બંધ થવાની તારીખની સૂચના

આથી સૂચના આપવામાં આવી છે કે કંપની ની ૩૧ મી વાર્ષિક સામાન્ય સભા(એજીએમ) સોમવાર તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ ને બપોરે ૦૩:૦૦ યોજાશે વિડિઓ કોન્ફેરેન્સ દ્વારા સભ્યોને અહીંથી જણાવાયું છે કે મીટીંગની સૂચના અને અન્ય તમામ દસ્તાવેજોની નોંધ લેવા માટેની સૂચના કંપનીની વેબસાઇટwww.dynaind.com પર ઉપલબ્ધ છે અને ઉપરોક્ત દસ્તાવેજોની નકલો પણ તમામ કામકાજ પર કંપનીની નોંધણી કચેરીમાં નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે એ.જી.એમ.ની તારીખ સુધીના વ્યવસાયના સમય દરમ્યાન જે વ્યક્તિનું નામ સભ્યોની રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવતી લાભકારી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલ છે, તે સોમવાર,૨૪ ઓગસ્ટ,૨૦૨૦માં ફક્ત રિમોટ ઇ_વોટિંગની સુવિધા મેળવવાનો હકદાર છે તેમજ એજીએમ દરમિયાન ઇ_વોટિંગ સભ્યોના મત આપવાના અધિકાર કંપનીની કુલ પેઇડ_અપ ઇક્વિટી શેર મૂડીમાં તેમના શેરના પ્રમાણમાં હોવા જોઇએ,કટ_ઓફ ડેટ પર એટલે કે સોમવાર,૨૪ ઓગસ્ટ,૨૦૨૦.

આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીઝ એક્ટ,૨૦૧૩ની કલમ ૯૧ અને સેબી(લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસક્લોઝર રિક્વાઇર્મેંટ) રેગ્યુલેશન,૨૦૧૫ના નિયમ ૪૨ મુજબ,ડિવિડન્ડ ચુકવણી માટે,જાહેર કરાય તો શુકવાર,૨૭ જુલાઇ,૨૦૧૯ થી બુધવાર,૩૧ જુલાઇ,૨૦૧૯ના રોજ મેમ્બર રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રહેશે,૨૫ ઓગસ્ટ,૨૦૨૦ થી સોમવાર,૩૧ ઓગસ્ટ,૨૦૨૦ સુધી બંધ રહેશે.

ડાયનેમિક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે

કુણાલ.એચ.ચૌહાણ
કંપનીનાસચિવ
સભ્યપદ નંબર: A60163
DIN:00536345
વેબસાઇટ: www.dynaind.com

સ્થળ: અમદાવાદ
તારીખ: ૫ ઓગસ્ટ,૨૦૨૦

### સૂચના - ઇ_વોટિંગ

કંપની અધિનિયમ,૨૦૧ની કલમ ૧૦૮ની જોગવાઇઓને અનુસરીને સૂચના આપવામાં આવી છે,તે સમયે કંપનીઓ(મેનેજમેન્ટ અને એડમિન્ટ્રિશન)નિયમો,૨૦૧ ૨૦૧૪ના નિયમ ૨૦,જે સમય_સમય પર સુધારેલા છે,અને સેબીના નિયમન ૪૪ (લીસ્ટિંગ ઓબ્લિગેશન અને જાહેરાતની આવશ્યકતાઓ)નિયમો,૨૦૧,કંપની તેના સભ્યોને કંપની તેના સભ્યોને કંપનીના ૩૧મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)માં યોજાનારી ઠરાવ પરના મતદાનના અધિકારનો ઉપયોગ કરવા ઇ_વોટિંગની સુવિધા પ્રદાન કરી રહી છે.

સોમવાર ૩૧ ઓગસ્ટ,૨૦૨૦ બપોરે ૦૩:૦૦ કલાકે વીડિઓ કોન્ફરન્સિંગ દ્વારા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો(વીસી),સભ્યોએ એજીએમ(રિમોટ ઇ_મતદાન)ની જગ્યા સિવાય અન્ય કોઇ જગ્યાએથી ઇલેક્ટ્રોનિક મતદાન પ્રણાલીનો ઉપયોગ કરીને તેમના મત આપવાના રહેશે.ઇ_વોટિંગ સુવિધા પ્રદાન કરવા કંપનીએ એજન્સી તરીકે રાષ્ટ્રીય સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડની સેવાઓ જોડી છે.

એજીએમ કન્વીન કરનારી નોટિસની નકલ સાથે રિમોટ ઇ_વોટિંગ ઇન્ટર આલિયાને લગતા સંદેશાવ્યવહાર સભ્યોને મોકલાયા છે.આ કમ્યુનિકેશન અને મીટિંગની સૂચના કંપનીની વેબસાઇટ www.dynaind.com પર અને NSDL વેબસાઇટ પર ઉપલબ્ધ છેhttps://www.evoting.nsdl.com પર.

રિમોટ ઇ_મતદાન અવધિ ગુરૂવાર,ઓગસ્ટ૨૭,૨૦૨૦(૯:૦૦ કલાકે IST) થી શરૂ થાય છે અને ૩૦ ઓગસ્ટ,૨૦૨૦(૫:૦૦ વાગ્યે IST) ને સમાપ્ત થાય છે.દૂરસ્થ ઇ_મતદાન મોડ્યુલ ત્યારબાદના મતદાન માટે અક્ષમ કરવામાં આવશે.એકવાર સભ્ય દ્વારા કોઇ ઠરાવ પર મત આપ્યા પછી,સભ્યને તે પછીથી બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. જે સભ્યોએ એજીએમ પહેલાં રિમોટ ઇ_વોટિંગ દ્વારા મત આપ્યો છે તે પણ એજીએમમાં હાજર થઇ શકે છે પરંતુ તેઓ ફરીથી મત આપવાનો હકદાર રહેશે નહીં.

એક વ્યક્તિ,જેનું નામ Cut-Off ડેટ પર સભ્યો/લાભકારક માલિકોની નોંધણીમાં દેખાય છે.એટલે કે ૨૪ ઓગસ્ટ,૨૦૨૦ એ રિમોટ ઇ_વોટિંગની સુવિધા મેળવવાનો હકદાર રહેશે રહેશે.

કોઇપણ વ્યક્તિ કે જે બેઠકની નોટિસ મોકલીને અને Cut-Off ડેટ એટલે કે ૨૪ ઓગસ્ટ.૨૦૨૦ ના રોજ શેરો ધરાવે છે તે પછી સભ્ય બને છે,તે યુઝરે આઇડી અને પાસવર્ડ evoting@nsdl.com.in પર વિનંતી મોકલીને મેળવી શકે છે.યુઝર આઇડી અને પાસવર્ડ મેળવવા માટેની વિગતવાર કાર્યવાહી એજીએમની સૂચનામાં પણ આપવામાં આવી છે જે કંપનીઓ વેબસાઇટ અને એનએસડીએલની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જો સભ્ય પહેલાથી જ એનએસડીએલ સાથે ઇ_મતદાન માટે નોંધાયેલ છે,તો તે દૂરસ્થ ઇ_મતદાન દ્વારા મત આપવા માટે તેની/તેણીથી હાલની યુઝર આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકે છે.

રિમોટ ઇ_વોટિંગ ને લગતી સૂચના સામાન્ય સભાની નોટીસમાં આપેલ છે. ઇ_વોટિંગને લગતા પ્રશ્નો માટે સીડીએસએલની વેબસાઇટ https://www.evoting.nsdl.com ની ફ્રીકવેંટલી આસ્કડ ક્વેસ્ચન્સ (FAQS)જોવા અથવા [redacted] contact NSDL at the foll[redacted].

[redacted]મિટેડ માટે

[redacted]

સ્થળ: અમદાવાદ[redacted]
તારીખ: ૫ ઓગ[redacted]60163
[redacted]aind.com


## ગામની ગપસપ

- **આરસીએફ,** ખાતર કંપનીઓ માટે અત્યારે સારો સમય, દેશભરમાં ચોમાસું સારું થયું હોવાને કારણે ખાતરના વેચાણોમાં નોંધપાત્ર ઉછાળો, સરકાર દ્વારા પણ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ધિરાણ પૂરું પડાયું છે. માર્ચ ક્વાર્ટરના વેચાણોમાં ૧૫ ટકાની વૃદ્ધિ, રૂા. ૫૮ની બુકવેલ્યૂ સામે શેરનો બજારભાવ ફક્ત રૂા. ૪૮, ડિસઈન્વેસ્ટમેન્ટ ઉમેદવાર, થોડાક શેરો લઈને મૂકી શકાય. ૩૦થી ૪૦ ટકા રિટર્નની જગ્યા.
- **સ્પીક,** ગયા અઠવાડિયે ચાણક્યના બ્લોગ ઉપર પણ રૂા. ૨૨ના ભાવે લઈ લેવાની વાત કરી હતી અને તે દિવસે જ રૂા. ૨૫.૯૫ પહોંચી ગયો હતો. દક્ષિણ ભારતની ખૂબ જ મજબૂત ફર્ટિલાઈઝર કંપની અને જૂન ક્વાર્ટરના આંકડાઓ પ્રોત્સાહક આવવાની ગણતરી. શેર અત્યારના ભાવે મફત છે. થોડાક શેરો લઈને મૂકી દેવાય. જોખમ નહિવત.
- **ઝી એન્ટરટેઈનમેન્ટ,** સુભાષ ગોયલ પાસેનું હોલ્ડિંગ ઘટી ગયું અને તેને બદલે પીઈ ઈન્વેસ્ટરો પાસે અત્યારે બહુમતી હોલ્ડિંગ, ટેમ્પરરી ધોરણે બિઝનેસને અસર થવાની, તેમ છતાં બીજા તબક્કામાં પ્રોફેશનલ મેનેજરો દ્વારા ઝડપી બિઝનેસ હાંસલ કરાશે. તાજેતરમાં રૂા. ૧૩૦નું બોટમ બતાવ્યા પછી શેર અત્યારે રૂા. ૧૫૦ ઉપર અને આ શેરમાં હવે ધીમા સુધારાની જગ્યા. કંપનીના માથા ઉપર દેવાનો બોજો નહિવત, વધારે નહિ તો ૨૦ શેર આ ભાવે લઈને મૂકી શકાય.
- **મ્યુઝિક બ્રોડકાસ્ટિંગ,** રેડિયો સિટી બ્રાન્ડ હેઠળ એફએમ રેડિયોનું નેટવર્ક ધરાવે છે. જાહેરખબર આવકોને મોટી અસર, કંપનીના માથા ઉપર દેવાનો બોજો પણ ખૂબ નાનો, તાજેતરમાં રૂા. ૧૨.૩૦નું બોટમ બતાવીને શેર અત્યારે રૂા. ૧૫-૧૬ ઉપર. એફએમ રેડિયોનું ભાવિ મજબૂત, પ્રમોટર ગ્રૂપ પણ મજબૂત છે. લોંગટર્મ ઈન્વેસ્ટરની રીતે થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **ઈરોસ ઇન્ટરનેશનલ,** ભૂતકાળમાં અસંખ્ય બ્લોગ બસ્ટર્ડ ફિલ્મો આ કંપનીએ રિલિઝ કરી છે અને તેની પાસે વિશાળ લાઈબ્રેરી, પ્રમોટરો પાસે ૬૨ ટકા હોલ્ડિંગ, રૂા. ૨૭૫ની બુકવેલ્યૂવાળો શેર અત્યારે ફક્ત રૂા.૧૯ના ભાવે મળી રહ્યો છે. સ્વાભાવિક છે કે જૂન ક્વાર્ટરના પરિણામો નબળા આવે પરંતુ વિશાળ લાઈબ્રેરીને ધ્યાનમાં રાખીએ તો રિલાયન્સ એન્ટરટેઈનમેન્ટને રસ પડવાની સંભાવના, રૂા. ૧૯ના ભાવે ખોવાનું શું ? ૨૦૦ શેરનું જોખમ લઈ લેવું, બાવન અઠવાડિયામાં ૫૦ ટકા વૃદ્ધિની જગ્યા.
- **જીએમડીસી,** ગુજરાત સરકારનું સાહસ, લિગ્નાઈટની ખાણો ઉપરાંત કંપની પાસે બે જંગી પાવર પ્રોજેક્ટ, અત્યારે રૂા. ૪૨ના ભાવે શેર મળી રહ્યો છે. શેરની બુકવેલ્યૂ જ રૂા. ૧૩૨ છે અને ૬.૪૭નો પીઈરેશિયો, શેર ઈન્વેસ્ટમેન્ટની રીતે લઈને મૂકી દેવાય, ગયા વર્ષે ૧૦૦ ટકા ડિવિડન્ડ આપ્યું હતું અને તે રીતે ૪.૮૬ ટકાનું યીલ્ડ છૂટે છે. ૧૦૦-૨૦૦ શેરનું જોખમ લઈ લેવું, ગમે ત્યારે ગુજરાત સરકાર પોતાના શેરો વેચવાનું શરૂ કરશે. અદાણી ગ્રૂપને રસ પડે તેવી ગણતરી અને તે વખતે રૂા. ૭૦-૮૦ થઈ જતા વાર નહિ લાગે.
- **ગુજરાત આલ્કલીસ,** ગુજરાત સરકારની અન્ય બીજી લગડી કંપની, અને નબળા સમય દરમ્યાન પણ શેર રૂા. ૩૪૭ના લેવલે જળવાઈ રહ્યો છે. બુકવેલ્યૂ જ રૂા. ૬૨૬ છે અને ગયા વર્ષે ૮૦ ટકા ડિવિડન્ડ આપ્યું હતું. રૂા. ૪૫ની શેરદીઠ કમાણી, શેર અત્યારે ૭.૩૯ના પીઈરેશિયો ઉપર, પોઝિટિવ કેશફ્લો, ડિસઈન્વેસ્ટમેન્ટ ઉમેદવાર, આગામી દિવસોમાં રૂા. ૪૫૦-૫૦૦ ઉપરના ભાવની ગણતરી, વધારે નહિ તો ૧૦ શેરનું જોખમ લઈ શકાય.
- **ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર,** ગુજરાત સરકારનું એક બીજું સાહસ, છેલ્લા ઘણા અંકથી ભેગા કરવાનું દર્શાવીએ છીએ, રૂા. ૪૫થી વધીને રૂા. ૬૨-૬૩ ઉપર તો આવી ગયો. ખાતર કંપનીઓ માટે વર્ષ સારું, બુકવેલ્યૂ જ રૂા. ૧૭૦ છે. અગાઉ રૂા. ૩૦૦નો ભાવ જળવાઈ રહ્યો હતો. રૂા. ૬૨ના ભાવે પણ ખોટો નથી. અને ગુજરાત સરકાર માટે ડિસઈન્વેસ્ટમેન્ટ ઉમેદવાર, થોડાક શેરો લઈને મૂકી દેવાય. રૂા. ૧૦૦ આસપાસ આંશિક પ્રોફિટ બુકીંગ કરવાનો ચાન્સ મળશે.
- **ગુજરાત ગેસ,** એક સમયે વિદેશી ગ્રૂપ પાસે હોલ્ડિંગ હતું. અત્યારે ગુજરાત સરકાર પાસે હોલ્ડિંગ, બાવન અઠવાડિયાના ટોપ રૂા. ૩૩૦ની નજીક જ ભાવ ચાલી રહ્યો છે. છેલ્લા બે વર્ષથી નેટનફામાં નોંધપાત્ર સુધારો, પીઈરેશિયો કેવળ ૩૦.૯૬ ઉપર, સુરત શહેરની વીજળી પૂરી પાડતી આ કંપનીને અદાણી ગ્રૂપને રસ પડવાની સંભાવના અને સરકાર રોકડી કરી લે તો નવાઈ નહીં લાગે. થોડાક શેરો લઈને મૂકી દેવાય.
- **એનએમડીસી,** ભારત સરકારનું સાહસ અને ફેરો એલોયના ઉત્પાદનમાં કંપનીનું મોટું કામકાજ, સ્ટીલની વેચાણ કિંમતોમાં સુધારો અને તેનો ફાયદો એનએમડીસીને પણ મળશે. શેર અત્યારે ફક્ત ૭.૪૧ના પીઈરેશિયો ઉપર, રૂા.૧૦૦૦૦ બેંકમાં ડિપોઝીટમાં મૂકો તેને બદલે આ શેર લઈને મૂકી દો તો ૬ ટકાનું રિટર્ન ડિવિડન્ડની રીતે જ મળી જશે. સુંદર મૂડીવૃદ્ધિની તક અલગ. ૫૦ શેર લઈને મૂકી શકાય.
- **ભેલ,** શેરબજાર અત્યારે ફૂલગુલાબી તેજીમાં અને તેથી ભારત સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટમાં આગળ વધી જાય તેવા સંકેતો મળી રહ્યા છે. એક સમયે રૂા. ૪૦૦ ઉપર રહેતો ભેલનો શેર અત્યારે ફક્ત રૂા. ૩૬ના ભાવે મળી રહ્યો છે. શેરની બુકવેલ્યૂ જ રૂા. ૮૪ અને કંપની પાસે હજ્જારો એકર સરપ્લસ જગ્યા છે. લાર્સન એન્ડ ટુબ્રોને આ કંપની હસ્તગત કરવામાં ચોક્કસપણે રસ પડી જાય. અને તેવા કોઈક સમાચાર બહાર આવતા શેર ઊંચકાઈ જતા વાર નહીં લાગે. રૂા. ૩૬માં થોડુંક રોકાણ કરી દેવાય.
- **રેલવિકાસ નિગમ,** ભારત સરકારનું સાહસ અને રેલવે મંત્રાલયના પ્રોજેક્ટો કરે છે. અત્યારે રૂા. ૧૯-૨૦ આસપાસ અથડાઈ રહ્યો છે. બુકવેલ્યૂ રૂા. ૨૨, આ શેરમાં થોડુંક રોકાણ કરીને મૂકી દેવાય. ભલે થોડા દિવસો હજી ટૂંકી વધઘટ ઉપર પડી રહે તેમ છતાં આ શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા. ઘટવાની જગ્યા નહિવત.
- **ડિશટીવી,** ઝી ગ્રૂપની કંપની અને શેરનો ભાવ અત્યારે ફક્ત રૂા. ૮, ટેઈકઓવર ઉમેદવાર, બુકવેલ્યૂ જ રૂા. ૨૧ ચાલે છે. રિલાયન્સ ગ્રૂપને રસ પડે તે સંભાવના મજબૂત. વધારે નહિ તો ૫૦ કે ૧૦૦ શેર લઈને મૂકી દેવાય.
- **આદિત્ય બિરલા ફેશન એન્ડ રીટેઈલ,** રીટેઈલ સેક્ટરમાં મોટું નામ, અત્યારે લોકડાઉન પછીના સમયગાળાને કારણે બિઝનેસ ઉપર ગંભીર અસર, રૂા. ૯૭ થઈ ગયેલો શેર અત્યારે રૂા. ૧૨૨ ઉપર મળી રહ્યો છે. પ્રમોટરોનું કોઈ જ હોલ્ડિંગ ગીરવે નથી. શોર્ટટર્મમાં ભલે રીટર્ન નહિ છૂટે પરંતુ ગમે ત્યારે કુમાર મંગલમ્ બિરલાને કારણે આ શેરમાં ઝડપી વૃદ્ધિની ૧૨ મહિને ગણતરી, વધારે નહિ તો ૨૦ શેર લઈને મૂકી શકાય.
- **આડીબીઆઈ બેંક,** એલઆઈસી હસ્તક આવ્યા પછી બેંકની કામગીરીમાં નોંધપાત્ર સુધારો, અત્યારે રૂા. ૩૯ ઉપર ચાલે છે. નેટ કેશ ફ્લોમાં અને ઓપરેશનમાંથી મળતા ભંડોળમાં સ્પષ્ટપણે સુધારો, ધિરાણ વૃદ્ધિ પણ શરૂ થઈ ગઈ. અત્યારના ભાવે થોડાક શેરો લઈને મૂકી દેવાય, ઉપરમાં રૂા. ૪૫-૫૦ના ભાવની સંભાવના મજબૂત.
- **બેંક ઓફ ઇન્ડિયા,** ગયા અઠવાડિયે પણ લેવાની વાત કરી હતી.


